કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૫૦૪૭૬/૨૦૨૫ ના કામે આરોપી (૧) રાજકુમાર ઉર્ફે લાલભાઈ સન/ઓફ દલસુખભાઈ સોલંકી (૨) રણજીત ઉર્ફે મોન્ટુ સન/ઓફ દલસુખભાઈ સોલંકી (૩) અમિતકુમાર સન/ઓફ દલસુખભાઈ સોલંકી ની જામીન અરજી લગત હુકમઃ
==========================================================

૧. આરોપીઓ ની બી.એન.એસ. ની કલમ.૧૧૮(૧),૧૧૫(૨), ૨૯૬, ૩૨૪(૪),૩૫૧(૩),૫૪ તથા જી.પી.એકટ ની કલમ.૧૩૫ (૧) મુજબ શિક્ષાપાત્ર ગુના ના કામે અટક કરવા માં આવેલ છે.આરોપીઓ તરફે જામીન પર મુકત થવા ની અરજ સાથે હાલ ની અરજી દાખલ કરેલ છે. આ કામે મુળ ફરીયાદી તરફે તેઓ ના વકીલશ્રી મારફતે હાજર થઇ,આરોપીઓ ને જામીન મુકત કરવા સામે લેખીત વાંધો લીધેલ છે.

૨. આરોપીઓ તરફે વિદ્દવાન વકીલશ્રી એ મુખ્યત્વે દલીલ કરેલ છે કે,હાલ ના કેસ માં ક્રોસ ફરીયાદ દાખલ થયેલ છે અને હાલ ના આરોપીઓ પૈકી ના આરોપી રણજીત ને માથા માં ઈજા થતા તેને ૧૪ દીવસ હોસ્ટપીટલ માં રાખેલ તેમજ અન્ય આરોપીઓ ને પણ આક્ષેપીત બનાવ માં ઈજા થયેલ છે.પોલીસ દ્રારા હાલ ના કેસ ના ફરીયાદી વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવા માં આવેલ નથી. આરોપીઓ સ્થાનીક ના રહેવાસી છે અને નાસીભાગી જાય તેવા ઈસમ નથી. નામદાર કોર્ટ જે કાંઈ પણ શરતો ફરમાવશે તેનુ પાલન કરવા રાજી છે. ઈજા પામનાર હાલ સારવાર હેઠળ નથી. હાલ ની અરજી માં ફરીયાદપક્ષે તરફે લીધેલ વાંધાઓ ટકવાપાત્ર ના હોવા ની દલીલ કરેલ છે.વધુ માં આક્ષેપીત ગુના અંગે મહતમ સાત વર્ષ સુધી ની સજા ની જોગવાઇ છે અને આરોપીઓ કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી.જે ધ્યાને લઇ તેમજ જામીન અરજી માં જણાવેલ ચુકાદાઓ અનુસાર આરોપીઓ ને યોગ્ય રકમ ના જામીન પર મુકત કરવા અરજ કરેલ છે. જે વિરૂધ્ધ ફરીયાદપક્ષ તરફે લેખીત વાંધા આપેલ છે અને તેને આનુષાંગીક દલીલ કરેલ છે કે,આરોપીઓ એ ફરીયાદી ના દીકરી ગીતાબેન ને ગંભીર ઈજા કરેલ હતી. આરોપીઓ ખુબ જ માથાભારે છે અને જો નામદાર કોર્ટ આરોપીઓ ને જામીન મુકત કરવા ના નિર્ણય પર આવે તો આરોપીઓ ને સ્થાનીક વિસ્તાર ની હદ બહાર થોડા સમય રાખવા ની શરત મુકવા અરજ કરેલ છે.

૩. ઉપરોકત દલીલો લક્ષ માં લીધી તેમજ એફ.આઇ.આર. વંચાણે લીધી. આ કેસ માં આરોપીઓ ની બી.એન.એસ. ની કલમ.૧૧૮(૧),

૧૧૫(૨), ૨૯૬, ૩૨૪(૪), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ ની કલમ. ૧૩૫ (૧) મુજબ શિક્ષાપાત્ર ગુના ના કામે અટક કરવા માં આવેલ છે. દલીલો ધ્યાને લેતા તેમજ પ્રોડકશન રીપોર્ટ અનુસાર આક્ષેપીત બનાવ માં ઈજા પામનાર ગીતાબેન ને હાલ સારવાર માં થી રજા આપી દીધેલા ની હકીકત સ્પષ્ટ છે.આ ઉપરાંત આક્ષેપીત ગુના અંગે ક્રોસ એફ.આઈ.આર નોંધવા માં આવેલ હોવા ની હકીકત પણ સ્પષ્ટ છે.આક્ષેપીત ગુના અંગે મહતમ સાત વર્ષ સુધી ની સજા ની જોગવાઇ છે અને આ ગુનાઓ મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ છે. હાલ ના કેસ માં હાલ ના ફરીયાદી વિરૂધ્ધ પણ એફ.આઈ.આર. દાખલ થયેલ છે અને તે રીતે ક્રોસ ફરીયાદ દાખલ થયેલ છે. આક્ષેપીત ગુના અંગે મહતમ સાત વર્ષ ની સજા ની જોગવાઇ છે અને આરોપીઓ કોઇ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી,તેવી હકીકત લક્ષ માં લીધી.આ ગુના અંગે ની ટ્રાયલ ચલાવવા ની સતા મેજીસ્ટ્રેટ કોર્ટ ની છે તે હકીકત ની નોંધ લેતા અને આરોપીઓ તરફે આધાર રાખેલ,સંજય ચંદ્રા વિરૂધ્ધ સી.બી.આઇ. ના કેસ માં પ્રસ્થાપિત સિધ્ધાંત હાલ ના કેસ ની હકીકત સર્દભે લક્ષ માં લેતા અને આરોપીઓ કોઇ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી તેવી હકીકત ધ્યાને લેતા,જો આરોપીઓ ને યોગ્ય શરતો ને આધીન જામીન મુકત કરવા માં આવે તો ન્યાય નો હેતુ જળવાશે તેવુ અત્રેની કોર્ટ નુ નમ્રપણે માનવુ છે.આથી,હાથ પર ની જામીન અરજી માં આરોપીઓ ને યોગ્ય શરતે જામીનમુકત કરવા ન્યાયોચિત જણાય છે. આથી,આરોપીઓ તરફે ની દલીલો, મુળ ફરીયાદી તરફે ની દલીલો અને આરોપીઓ તરફે આધાર રાખેલ સંજય ચંદ્રા વિ.સી.બી.આઇ. ના કેસ માં પ્રસ્થાપિત સિધ્ધાંત લક્ષ માં લઇ,નીચે મુજબ નો હુકમ કરવા માં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

આથી,પ્રત્યેક આરોપી રૂ.૨૦,૦૦૦/-(અંકે રૂપીયા વીસ હજાર પુરા) ના જાતમુચરકા રજુ કર્યે થી નીચેની શરતો ને આધીન જામીન પર મુકત કરવા માં આવે છે.

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૫૦૪૭૬/૨૦૨૫ ના કામે આરોપી (૧) રાજકુમાર ઉર્ફે લાલભાઈ સન/ઓફ દલસુખભાઈ સોલંકી (૨) રણજીત ઉર્ફે મોન્ટુ સન/ઓફ દલસુખભાઈ સોલંકી (૩) અમિતકુમાર સન/ઓફ દલસુખભાઈ સોલંકી ની જામીન અરજી લગત હુકમઃ
==========================================================

**શરતો–**

(૧) આરોપીઓ એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફરીયાદપક્ષ ના કેસ ને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી કે ફરીયાદપક્ષ ના સાહેદો નો સંપર્ક કરવો નહી.

(૨) આરોપીઓ એ ત.ક.અ.શ્રી ને તપાસ માં સાથ સહકાર આપવો અને આ સમયગાળા દરમ્યાન કાયદો અને જાહેર વ્યવસ્થા ને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

(૩) આરોપીઓ એ તેમજ જામીનદારે તેઓના મોબાઇલ નંબર જાહેર કરવા તેમજ આરોપીએ તેઓના ઘરના પુખ્ત વયની વ્યકિતના મોબાઇલ નંબર જાહેર કરવા અને આરોપીઓ એ તેઓનું હાલનું રહેઠાણ જાહેર કરવું અને તેમાં ફેરફાર કરતા અગાઉ કોર્ટને જાણ કરવી.

ઉપરોકત શરતો પૈકી કોઇપણ શરત નો ભંગ થયે થી તપાસ કરનાર અમલદારશ્રી આરોપીઓ ના જામીન રદ કરાવવા કાયદા અનુસાર કાર્યવાહી કરી શકશે.

હુકમ આજ તારીખ.૧૫, માહે.સપ્ટેમ્બર, સને.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[ડી.ડી.શાહ]
૫ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (કોર્ટ નં.૧)
Code–GJ00956

અમદાવાદ